GJPM010025262025

સીવીલ પરચુરણ અરજી નં.૪૨/૨૦૨૫ (ડીલે)

આંક–૧ નીચે હુકમ :–

---

એપેલન્ટ/મુળ પ્રતિવાદી :– યોગેશભાઇ ભાઇલાલભાઇ રાણા

વિરૂધ્ધ

રીસ્પોન્ડન્ટ/મુળ વાદી :– ખેમુભાઇ માનસીંગભાઇ ભોઇ

---

(૧) અરજી વંચાણે લીધી.એપેલન્ટ ના વિ.વકીલશ્રી જે.એન.પટેલ ને સાંભળ્યા. સામાવાળા તર્ફે કોઇ હાજર નથી.

(૨) અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, તેઓ સામે આ કામના રીસ્પો.નાએ ગોધરા તાલુકાના મોજે ગોધરાના સીટી સર્વે પૂર્વે વિભાગ નવીન એરીયાના લાટ નં.૧૩૫/૯/ક ની ચો.મી.૧૧૫–૬૬–૪૬ ની જમીન તથા તે જમીન પર આવેલ સને ૧૯૬૭ ની સાલની બાંધણીવાળું ઉભી ઇમલા ઇમારત તથા તે જમીન પર આવેલ મ્યુ.ઘર નં.૨/૩૯૨/૮/૧ પૈકીવાળા મકાનના દક્ષીણતા તરફથી આવવા જવાના આવેલ સરીયામ રસ્તા ઉપર બાંધકામ કે દબાણ ન કરવા સંદર્ભે એપેલન્ટ સામે ડેકલેરેશન તથા જાથુના મનાઇ હુકમની દાદ મેળવવા માટે ગોધરા કોર્ટમાં રે.દિ.મુ. નં.૧૨૨/૧૫ થી દાવો દાખલ કરેલ જે દાવો ગોધરાના મે.પાંચમા સીવીલ જજશ્રીનાઓએ તા.૧/૪/૨૦૨૫ ના રોજ હુકમ કરી દાવો મંજુર કરતો હુકમ કરેલ છે. જેથી સદર હુકમથી નારાજ થઇ અપીલ દાખલ કરેલ છે પરંતુ અરજદારના કહેવા મુજબ મજકુર અપીલ દાખલ કરવામાં ૪૯ દિવસનો વિલંબ થયેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓએ જાણીબુઝીને કોઇ વિલંબ કરેલ નથી અને અરજદાર તેમના કામધંધા તથા મજુરી અર્થે બહારગામ રોકાયેલ અને સામાજીક કારણોસર તેમના વકીલશ્રીનો સંપર્ક કરી શકેલા

નથી અને જેથી સદર હુકમ વિરુધ્ધ અપીલ કરવામાં તેઓ જાણીબુઝીને વિલંબ કરેલ નથી.તેઓ કાયદાના અજ્ઞાન છે અને સમયમર્યાદામાં કાર્યવાહી કરવી જોઇએ તેની તેમને જાણ ન હતી અને જે કંઇ વિલંબ થયો છે તે શુધ્ધબુધ્ધિપૂર્વકનો હોઇ, જો આ વિલંબ માફ ના કરવામાં આવે તો તેમનો કાયદેસરનો હેતુ માર્યો જાય તેમ છે અને અપીલ કેસનો ગુણદોષ ઉપર નિકાલ થાય તો ન્યાયનો હેતુ સચવાય તેમ છે જેથી વિલંબ માફ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે હકીકત જોઇએ તો, આ કામે ગોધરાના મે.પાંચમા સીવીલ જજશ્રીનાઓએ રે.મુ.નં.૧૨૨/૨૦૧૫ ના કામે વાદીનો દાવો મંજુર કરતો તા.૧/૪/૨૫ ના રોજ કરેલ હુકમ વિરૂધ્ધ એપેલન્ટ અપીલ દાખલ કરવા માંગે છે પરંતુ તેઓએ સમયમર્યાદામાં અપીલ દાખલ કરેલ નથી. તેઓને અપીલ દાખલ કરવામાં ૪૯ દિવસનો વિલંબ થયેલ છે.અરજદારના જણાવ્યા મુજબ તેઓ કાયદાના અજ્ઞાન હોઇ તેમજ તેઓ કામ ધંધા અને મજુરી અર્થે બહારગામ રોકાયેલા હોવાના કારણે તેઓને કાગળો એકત્રીત કરવામાં સમય થયેલ છે અને તેઓએ જાણીબુઝીને વિલંબ કરેલ નથી અને કાબુ બહારના સંજોગોને લીધે વિલંબ થયેલ છે.આમ, સમગ્ર હકીકત જોતાં અપીલ કેસનો ગુણદોષ ઉપર નિર્ણય થાફ તો ન્યાય નો હેતુ સચવાય તેમ છે. જો અદાલત ધ્વારા આ વિલંબ માફ કરવામાં ના આવે તો કેસના ગુણદોષમાં ઉતર્યા સીવાય એપેલન્ટની અપીલ રદ કર્યા બરાબર ગણાશે.આ અદાલતના મંતવ્ય મુજબ અપીલ કેસનો ગુણદોષ ઉપર નિકાલ થાય તે જરૂરી છે. અરજદાર/ એપેલન્ટને અપીલ દાખલ કરવામાં ૪૯ દિવસનો વિલંબ થયેલ છે.જેથી અરજદાર/એપેલન્ટને કોસ્ટની રકમ ડી.એલ.એસ.એમાં જમા કરાવવાની શરતે આ વિલંબ માફની અરજી મંજુર કરવી યોગ્ય જણાય છે.જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

# –: હુકમ :–

૧. હાલની અરજી મંજુર કરી, એપેલન્ટને રે.મુ.નં.૧૨૨/૨૦૧૫ ના કામે ગોધરાના વિ.પાંચમા સીવીલ જજશ્રીએ તા:૧/૪/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરવામાં ૪૯ દિવસનો થયેલ વિલંબ નીચેની શરતે માફ કરવામાં આવે છે.

૨. અરજદારે કોસ્ટની રકમ **રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)** ડી.એલ.એસ.એલ ગોધરા ખાતે જમા કરાવવા.

૩. અરજદારે સદર કોસ્ટની રકમ ડી.એલ.એસ.એલ, ગોધરા ખાતે જમા કરાવ્યેથી તેઓની અપીલ રજીસ્ટરે લેવી અને તેને નંબર આપવો.ત્યારબાદ રીસ્પોન્ડન્ટ/મુળ વાદીને નોટીસ ઈસ્યુ કરવી.

હુકમ આજરોજ તા.૦૬/૦૬/૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા:૦૬–૦૬–૨૦૨૬**
**ગોધરા.**

**(બીપીન કે.બારોટ)**
**બીજા એડી.ડીસ્ટ્રીકટ જજ,**
**પંચમહાલ, મુ.ગોધરા.**
**UID Code No.GJ 00566**

* SST